# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 27-11-2024 Morning : 7.45 to 7.55

Day : Wednesday National News

આકાશવાણી સમાચાર **નીકિતા શાહ** વાંચે છે.

*****************************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતની સુરક્ષાને પડકારનારા દરેક આતંકવાદી સંગઠનને યોગ્ય જવાબ આપવાના રાષ્ટ્રના સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો.

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી તામિલનાડુની ચાર દિવસની મુલાકાતે.

3) આજથી નવી દિલ્હી ખાતેથી "બાળ લગ્ન મુક્ત ભારત" રાષ્ટ્રીય અભિયાનનો પ્રારંભ થશે.

4) ઇઝરાયેલ સરકારે લેબનોનમાં હિઝબુલ્લાહ સાથે યુદ્ધવિરામ કરારને મંજૂરી આપી.

5) ભારતના 8 વર્ષના દિવિથ રેડ્ડીએ ઈટાલીમાં અંડર-19 વર્લ્ડ કેડેટ ચેસ ચેમ્પિયનશિપમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.

*************************************************

# PM - S. COURT CONSTITUTION DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશની સુરક્ષાને પડકારનારા કોઈપણ આતંકવાદી સંગઠનને જડબાતોડ જવાબ આપવાના ભારતના સંકલ્પ પર ભાર મૂક્યો છે. ગઇકાલે નવી દિલ્હી ખાતે સુપ્રીમ કોર્ટમાં બંધારણ દિવસની ઉજવણીમાં સંબોધન કરતાં શ્રી મોદીએ કહ્યું કે, બંધારણ દેશની દરેક અપેક્ષાઓ અને જરૂરિયાતોને પૂર્ણ કરે છે અને નાગરિકો માટે માર્ગદર્શક તરીકે કામ કરે છે.

તેમણે કહ્યું કે, છેલ્લાં 75 વર્ષોમાં જ્યારે પણ પડકારો ઉભા થયા છે ત્યારે બંધારણે તેનો ઉકેલ લાવવાનો સાચો રસ્તો બતાવ્યો છે. તેમણે કહ્યું કે, દેશ પરિવર્તનના મહત્વના તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે અને ભારતનું બંધારણ આપણને આગળ વધવાનો માર્ગ મોકળો કરી રહ્યું છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, દેશ તેના નાગરિકોનું જીવન સરળ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે. તેમણે કહ્યું કે અગાઉ વરિષ્ઠ નાગરિકોને તેમનું પેન્શન મેળવવા માટે તેમના અસ્તિત્વનો પુરાવો આપવા બેંકોમાં જવું પડતું હતું. પરંતુ હવે તેઓ ઘરે બેસીને ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ જમા કરાવી શકશે. શ્રી મોદીએ કહ્યું કે, લગભગ 1.5 કરોડ વરિષ્ઠ નાગરિકોને આ પહેલનો લાભ મળ્યો છે. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ ભારતીય ન્યાયતંત્રનો વાર્ષિક અહેવાલ 2023-24 પણ બહાર પાડ્યો હતો.

.............................................................

# PRESIDENT TAMIL NADU

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી તામિલનાડુની ચાર દિવસીય મુલાકાતે જશે. રાષ્ટ્રપતિ આજે સંરક્ષણ સેવા સ્ટાફ કોલેજ, વેલિંગ્ટનના ફેકલ્ટી અને વિદ્યાર્થી અધિકારીઓને સંબોધશે. આવતીકાલે રાષ્ટ્રપતિ મુર્મુ આદિવાસી મહિલા સ્વ-સહાય જૂથોના સભ્યો અને નીલગીરી જિલ્લાના આદિવાસી સમુદાયના અગ્રણી સભ્યો સાથે વાર્તાલાપ કરશે. શુક્રવારે રાષ્ટ્રપતિ તિરુવરુરમાં તમિલનાડુની સેન્ટ્રલ યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં હાજરી આપશે.

.............................................................

# SHAH-COOPERATIVE

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું છે કે, કેન્દ્ર સરકારે 2027 સુધીમાં ભારતને ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવાનો સંકલ્પ લીધો છે અને આ અભિયાનમાં સહકાર મંત્રાલય મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

ગઇકાલે  નવી દિલ્હીમાં નેશનલ કોન્ફેડરેશન ઓફ સ્ટેટ કોઓપરેટિવ બેંક્સની ડાયમંડ જ્યુબિલી ઉજવણી માં  બોલતા શ્રી શાહે કહ્યું કે, સરકાર એવો વિકાસ ઈચ્છે છે જેમાં દેશના દરેક નાગરિકનો સમાવેશ થાય. તેમણે કહ્યું કે, આ વિકાસ યાત્રામાં સહકારી સંસ્થાઓની ભાગીદારી મહત્વપૂર્ણ છે.

શ્રી શાહે જણાવ્યું હતું કે, પ્રાથમિક કૃષિ સહકારી ધિરાણ મંડળીઓ, જિલ્લા સહકારી બેંકો અને રાજ્ય સહકારી બેંકોના ત્રિ-સ્તરીય માળખાએ દેશના ખેડૂતો અને ગામડાઓની પ્રગતિમાં મહત્વની ભૂમિકા ભજવી છે. તેમણે કહ્યું કે, ભારતમાં સહકારી ક્ષેત્રમાં વિશ્વને માર્ગદર્શન આપવાની ક્ષમતા છે. શ્રી શાહે કહ્યું કે, આજે ડેરી, ઇફ્કો, અર્બન કોઓપરેટિવ બેંક અને ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંક જેવી ભારતીય સહકારી બ્રાન્ડ્સ વૈશ્વિક સ્તરે ટોચની બ્રાન્ડ બનવા માટે તૈયાર છે.

............................................................

# ANNPURNA DEVI-BAL VIVAH

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવી આજે નવી દિલ્હીમાં – "બાળ લગ્ન મુક્ત ભારત" રાષ્ટ્રીય અભિયાનનો પ્રારંભ કરાવશે.

આ અભિયાનનો પ્રાથમિક ધ્યેય દેશને બાળ લગ્નની દુષ્ટ પ્રથામાંથી મુક્ત કરવાનો છે. કાર્યક્રમ દરમિયાન બાળ લગ્ન મુક્ત ભારત પોર્ટલ પણ શરૂ કરવામાં આવશે. આ ઓનલાઈન પ્લેટફોર્મ જાગૃતિ વધારવા, બાળ લગ્ન અટકાવવા અને આવી ઘટનાઓની તાત્કાલિક જાણ કરવાના મિશનને સમર્થન આપવા માટે શરૂ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મહિલા અને બાળ વિકાસ મંત્રી બાળ લગ્ન સામે સામુહિક ઠરાવ આપશે. આ અભિયાન દરમિયાન પ્રતિજ્ઞા લેનારા લોકોની સંખ્યા 25 કરોડ સુધી પહોંચવાની આશા છે.

............................................................

# NIA - MANIPUR

નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (NIA) એ મણિપુરમાં તાજેતરની હિંસાને લગતા ત્રણ મોટા મામલામાં ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

ગૃહ મંત્રાલયે ગુનાઓની ગંભીરતાને ધ્યાનમાં લઈને કેસ સોંપવાનો નિર્ણય કર્યા પછી એજન્સીએ ત્રણ કેસ ફરીથી નોંધ્યા. ભારતીય ન્યાય સંહિતા, આર્મ્સ એક્ટ અને ગેરકાનૂની પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમની સંબંધિત કલમો હેઠળ આ મહિનાની 13મી તારીખે કેસની ફરીથી નોંધણી કરવામાં આવી હતી. એજન્સીની ટીમોએ આ મહિનાની 21 અને 22 તારીખે સ્થળની મુલાકાત લીધી હતી અને તપાસ શરૂ કરી હતી.

.........................................................

# JITENDRA-DLC 3.0

કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન રાજ્ય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું છે કે, પેન્શન ધારકો અને વરિષ્ઠ નાગરિકોની સુવિધા માટે શરૂ કરવામાં આવેલી ડિજિટલ જીવન પ્રમાણપત્ર વ્યવસ્થા તેના ત્રીજા તબક્કામાં એક કરોડના રેકોર્ડ આંકને પાર કરી ગઈ છે. તેમણે કહ્યું કે, આ અભિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝન મુજબ વરિષ્ઠ નાગરિકોનું જીવન સરળ બનાવશે.

ડિજિટલ જીવન પ્રમાણપત્ર અભિયાનનો ત્રીજો તબક્કો આ મહિનાની પહેલી તારીખથી દેશના આઠસો શહેરો અને નગરોમાં ચલાવવામાં આવી રહ્યો છે. આ અંતર્ગત 25 નવેમ્બર સુધી એક હજાર નવસોથી વધુ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

.......................................................

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

..........................................................

# SOLAR PROJECT

ભારત અને ઈન્ટરનેશનલ સોલર એલાયન્સે, ફિજી, કોમોરોસ, મેડાગાસ્કર અને સેશેલ્સમાં નવા સોલાર પ્રોજેક્ટ માટે કરારો કર્યા છે. ગઈકાલે નવી દિલ્હીમાં વિદેશ મંત્રાલય અને આંતરરાષ્ટ્રીય સૌર જોડાણ વચ્ચે પ્રોજેક્ટ અમલીકરણ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

ભારતે હિન્દ પ્રશાંત ક્ષેત્રના આ દેશોમાં નવા સૌર પ્રોજેક્ટ્સ માટે 2 મિલિયન ડોલરનું રોકાણ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

..........................................................

## CYCLONE FENGAL

હવામાન વિભાગે દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડીમાં હવાનું હળવું દબાણ ચક્રવાતમાં પરિવર્તિત થવાની શક્યતાને કારણે ફેંગલ વાવાઝોડાની સંભાવના વ્યક્ત કરી છે. વાવાઝોડાના કારણે આગામી બે દિવસમાં તમિલનાડુના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

રાજ્યના ઘણા ભાગોમાં 2 ડિસેમ્બર સુધી વરસાદ ચાલુ રહેશે. ચેન્નાઈ, કુડ્ડલોર અને નાગાપટ્ટિનમ બંદરો માટે તોફાનની ચેતવણી જારી કરવામાં આવી છે. ચેન્નાઈથી 800 કિમી દક્ષિણમાં અને નાગાપટ્ટિનમથી 500 કિમી દૂર સ્થિત ડીપ ડિપ્રેશન આગામી 24 કલાકમાં ચક્રવાતમાં પરિવર્તિત થાય અને દક્ષિણ પશ્ચિમ બંગાળની ખાડી પર ઉત્તર અને ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધે તેવી શક્યતા છે

વવાઝોડાની સંભાવનાનાં પગલે તમિલનાડુના વિવિધ જિલ્લાઓમાં NDRFની સાત ટીમો તૈનાત કરવામાં આવશે. નવ વધારાની SDRF અને 13 NDRF ટીમો સ્ટેન્ડબાય પર રખાઇ છે. મુખ્યમંત્રી એમ.કે.સ્ટાલિને વરિષ્ઠ અધિકારીઓને પરિસ્થિતિ પર દેખરેખ રાખવા અને જરૂરી રાહત પ્રયાસો સુનિશ્ચિત કરવા તમામ વિભાગો સાથે મળીને કામ કરવાનો નિર્દેશ આપ્યો છે.

..........................................................

# IMD

ભારતીય હવામાન વિભાગે આજે તમિલનાડુ અને પુડુંચેરી ઉપરાંત કેરળ અને માહેમાં પણ ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે.

વધુમાં, હવામાન વિભાગે આગામી બેથી ત્રણ દિવસ હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને ઉત્તરપ્રદેશમાં સવારના ગાઢ ધુમ્મસની આગાહી કરી છે. પશ્ચિમી હિમાલય પ્રદેશમાં આગામી 24 કલાકમાં તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ધીમે ધીમે ઘટાડો જોવા મળી શકે છે.

હવામાન વિભાગે કહ્યું કે, 3 દિવસ પછી મધ્ય ભારત, પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં તાપમાનમાં 2-3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના છે.

…………………………………………………………

# ISRAEL - HEZBOLLAH DEAL

ઇઝરાયેલ સરકારે લેબનોનમાં હિઝબુલ્લાહ સાથે યુદ્ધવિરામ કરારને મંજૂરી આપી છે. ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુના કાર્યાલયે ગઈકાલે રાત્રે આ જાહેરાત કરી હતી અને ફ્રાન્સની મધ્યસ્થથી થયેલી આ સમજૂતીથી યુદ્ધ અટકે તેવી શક્યતા છે. આ યુદ્ધમાં લેબનોનમાં અંદાજે ત્રણ હજાર આઠસો લોકો માર્યા ગયા છે અને 16 હજારથી વધુ લોકો ઘાયલ થયા છે. ઈઝરાયેલ કેબિનેટની મંજૂરી બાદ ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને એક સંયુક્ત નિવેદન બહાર પાડ્યું હતું.

જેમાં કરારના અમલીકરણ અને સંપૂર્ણ પાલનની ખાતરી કરવા માટે તેઓ ઇઝરાયેલ અને લેબનોન સાથે કામ કરવાનું વચન આપ્યું હતું. સમજૂતી અનુસાર, ઇઝરાયેલી દળો અને હિઝબુલ્લાએ આગામી 60 દિવસમાં દક્ષિણ લેબનોનમાંથી પીછેહઠ કરવી પડશે. લેબનોનના વિદેશ મંત્રીએ પહેલાથી જ આ કરારને સમર્થન આપ્યું છે. ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુએ હિઝબોલ્લાહ દ્વારા યુદ્ધવિરામ કરારના કોઈપણ ઉલ્લંઘન સામે તાત્કાલિક પગલાં લેવાની ચેતવણી આપી હતી.

............................................................

# CHESS- DIVITH REDDY

ભારતના આઠ વર્ષના દિવિથ રેડ્ડીએ ઈટાલીમાં અંડર-૧૯ વર્લ્ડ કેડેટ ચેસ ચેમ્પિયનશિપમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

તેલંગાણાના દિવિથે મહત્તમ 11માંથી નવ અંક મેળવ્યા છે. તેનો સ્કોર ભારતીય ખેલાડી સાત્વિક સ્વેનની બરાબર હતો, પરંતુ દિવિથે તેના બહેતર ટાઈબ્રેક સ્કોરના આધારે સુવર્ણ ચંદ્રક જીત્યો છે. સાત્વિકે રજત અને ચીનના જિમિંગ ગુઓએ કાંસ્ય ચંદ્રક જીત્યા છે. દિવિથે ચેમ્પિયનશિપમાં પ્રથમ ચાર મેચ જીતી હતી.તેણે સતત બે પરાજય બાદ શાનદાર પુનરાગમન કર્યું હતું અને છેલ્લા પાંચ રાઉન્ડ જીતીને ટાઈટલ જીત્યું છે.

............................................................

# આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ..

- આજના અખબારોમાં ઇવીએમ મામલે વિપક્ષો દ્વારા ઉઠાવાઇ રહેલા મુદ્દા અંગેની સુપ્રિમ કોર્ટ દ્વારા વ્યક્ત થયેલી નારાજગી, બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચાર, પાકિસ્તાનમાં ઇમરાનના ટેકેદારો રસ્તા ઉપર ઉતર્યા અને બંધારણ દિવસની ઉજવણી જેવા સમાચાર પહેલા પાના ઉપર જોવા મળી રહ્યાં છે.
- દિવ્ય ભાસ્કર અખબારે બંધારણ સૌથી પવિત્ર ગ્રંથ, ભારતને મળી રહી છે નવી ઓળખ તેવા રાષ્ટ્રપતિના નિવેદન સાથે મુખ્ય સમાચાર પ્રકાશિત કર્યા છે.
- આ ઉપરાંત ખ્યાતિ હોસ્પિટલના કૌંભાંડના સમાચાર પણ વિશેષ અહેવાલ સ્વરૂપે છાપ્યા છે.
- સંદેશ અને ફૂલછાબે સુપ્રિમ કોર્ટની ઇવીએમ અંગેની વિપક્ષોની રજૂઆત અંગેની નારજગી હારે તો ઇવીએમ પર શંકા, જીતે તો વગાડે ડંકો શિર્ષક હેઠળ સમાચાર પ્રસિધ્ધ કર્યા છે.
- નવગુજરાત સમયે પાકિસ્તાનમાં ઇમરાનના સમર્થકો રસ્તા પર- તખ્તાપલટનો અંદેશોના મથાળા સાથે સમાચાર પ્રસિધ્ધ કર્યા છે.. મહારાષ્ટ્રમાં સીએમનું કોકડુ અકબંધ આજે નિર્ણયની સંભાવનાના સમાચાર પણ પ્રકાશિત કર્યા છે.
- ટાઇમ્સ ઓફ ઇન્ડિયાએ સુપ્રિમ કોર્ટમાં બંધારણ દિવસની ઉજવણી દરમિયાન પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીના નિવેદન સાથે સમાચાર પ્રસિધ્ધ કર્યા છે.. તેમજ કાલુપુર રેલવે સ્ટેશન ઉપરથી 27 ટ્રેનો ડાયવર્ટ કરાશે તે સમાચર પણ અખબારોએ કવર કર્યા છે.
- જ્યારે ગુજરાતી અખબારોમાં ગઇકાલે પોલીસ દ્વારા કરાયેલી કોમ્બિંગ નાઇટ દરમિયાન એક હજાર સાતસો વાહનો ડેટઇન કરીને નશા સાથે ઝડપાયેલા લોકોની અહેવાલ પ્રસિધ્ધ કર્યા છે.. ખ્યાતિ હોસ્પિટલના કૌભાંડમાં આરોપીઓ ધરપકડ પણ દરેક અખબારોમાં જોવા મળી રહ્યાં છે..
- આ ઉપરાંત સ્પોર્ટસ પેજ ઉપર ઓસ્ટ્રેલિયાની ધરતી ઉપર જ તેમને કારમો પરાજય આપનારી ભારતીય ટીમના વખાણ અને કેપ્ટન બુમરાહની સરાહના કરતા અહેવાલ પણ સમચાર પત્રોમાં જવા મળી રહ્યા છે.

..................